ગાંધીનગર સમાચાર

**નવા સચિવાલય ગેટ નં. ૧માંથી રીવોલ્વર સાથે જતા બે ઝડપાયા**

# જિલ્લા પંચાયતના સીમાંકન અંગે સુધારાત્મક આદેશો

## નવા સુધારા અંગે વાંધા રજુ કરવા ૮ દિવસની મહેતલ : જિલ્લાની દસ બેઠકોમાં ફેરફાર કરાયો : રોટેશનના નવા નિયમોને લઈ મહિલા અનામત બેઠકોમાં થયેલા ફેરફાર

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લાના રાજકારણમાં ભૂકંપ સર્જતુ સીમાંકન અંગેના સુધારાત્મક પ્રાથમિક આદેશો ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવતાં રાજકીય પક્ષોની ગતિવિધિ તેજ બની છે.

રાજ્યના પંચાયત વિભાગો ૫-૮-૧૫ના રોજ એક આદેશ દ્વારા બેઠકોના રોટેશનને લઈ નવા નિયમો જાહેર કરાતાં ચૂંટણી પંચે સીમાંકનના જે પ્રાથમિક આદેશો જારી કર્યા હતા. તેમાં નવા નિયમોને ધ્યાને રાખી સુધારાત્મક આદેશો જારી કર્યા છે.

રાજ્ય ચૂંટણીપંચે કરેલા સુધારાત્મક આદેશોને પગલે પંચાયતની દસ બેઠકોમાં ફેરફાર થયો છે. મહિલા અનામત બેઠકોને લઈ થયેલા આ ફેરફારોથી જિલ્લાના રાજ્યકારણમાં નવા સમીકરણો ઉભા થશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્ય ચૂંટણી પંચે કરેલા સુધારાત્મક આદેશોને પગલે પંચાયતની દસ બેઠકોમાં ફેરફાર થયો છે. મહિલા અનામત બેઠકોને લઈ થયેલા આ ફેરફારોથી જિલ્લાના રાજકારણમાં નવા સમીકરણો ઉભા થશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્ય ચૂંટણી પંચે બંધારણના અનુચ્છેદ ૨૪૩(ડ) અને પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા તે અન્વયે મળેલ સત્તાની રૂએ મતદાર મંડળોની બેઠક ફાળવણીના આદેશો તા. ૫મીના પંચાયત વિભાગના આદેશોના સુધારાને ધ્યાને રાખીને કર્યા છે.

જે સુધારાત્મક આદેશ જારી કરાયા છે તે માટેના વાંધા-સુચનો રજુ કરવા માટે ૮ દિવસનો સમય આપવામાં આવ્યો છે. રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા મુજબ રજાઓને પંચે ધ્યાને નહિ લઈ અને તેમના જ સીમાંકનને સ્વીકારવા માટેની ફરજ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતની જે દસ બેઠકોને આની અસર થઈ રહી છે તેમાં ભાજપના નેતા શકુંતલાબેન પટેલની બેઠક મહિલા અનામતને બદલે સામાન્ય બેઠક બની છે તો પંચાયતના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાની બેઠક રાંધેજા જે સામાન્ય બેઠક હતી તે મહિલા અનામત બની છે.

આ ઉપરાંત બહિયલની બેઠક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી માટે અનામત હતી તેના રોટેશનમાં ફેરફાર થયો છે. તો ભોયણ મોટીની બેઠક સામાજિક અને શૈક્ષણિક વર્ગની સ્ત્રી માટે અનામત બની છે.

દહેગામની સાણોદા બેઠક પણ સ્ત્રી માટે અનામત બની છે. માણસા તાલુકાની લોદરા બેઠક પણ સામાન્ય સ્ત્રી માટે અનામત બેઠકમાં રૂપાંતરિત થવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

| અ.નં. | જિલ્લા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | તાલુકા પંચાયતનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૩(૩) | ૫ |
| ૧ | ગાંધીનગર | ૧ | અમરાજીના મુવાડા | દહેગામ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | ૨ | બહીયલ | દહેગામ | સા.શૈ. પછાતવર્ગ |
| | | ૩ | ભોયણ મોટી | કલોલ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | ૪ | બિલોદરા | માણસા | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | બોરીસણા | કલોલ | સામાન્ય સ્ત્રી |
| | | ૬ | ચરાડા | માણસા | બિન અનામત સામાન્ય |
| | | ૭ | છાલા | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | ચિલોડા(ડ) | ગાંધીનગર | બિન અનામત સામાન્ય |
| | | ૯ | ચિલોડા(ન) | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી |
| | | ૧૦ | ડભોડા | ગાંધીનગર | બિન અનામત સામાન્ય |
| | | ૧૧ | હાલીસા | દહેગામ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૨ | હરખજીના મુવાડા | દહેગામ | બિન અનામત સામાન્ય |

● અનુસંધાન પાન-૭ પર

# નબળા પરિણામવાળી શાળાઓમાં આકસ્મિક ચકાસણી કરાશે

## પરિણામ સુધારણા માટેના આયોજનની અમલવારી અંગે શાળાઓ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાશે- પરિણામ નબળુ નહી આવે તેવી શિક્ષકોની ખાતરી

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર જિલ્લામાં ધોરણ-૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં વિદ્યાર્થીઓના પરિણામનુ સ્તર સુધારવા શિક્ષણ તંત્ર દ્વારા ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. શાળાઓમાં પરિણામ સુધારણાના મામલે થતી કામગીરીને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારી તેમજ એ ડી આઈની ટીમ શાળાની આકસ્મિક મુલાકાત લેશે.

રાજયમાં સરકારી શાળાઓનુ નબળુ પરિણામ શિક્ષણ વિભાગ માટે ચિંતાનો વિષય બન્યો છે. જયારે રાજયના પાટનગરમાં પણ શિક્ષણ ક્ષેત્રે દિવા તળે અંધારુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. દરવર્ષે સરકારી શાળાઓમાં ધોરણ-૧૦ના પરિણામની ટકાવારીનો ગ્રાફ ઘટતા શાળાઓમાં પરિણામનુ સ્તર સુધારવાનુ શિક્ષણ તંત્ર માટે ચેલેન્જરૂપ બન્યુ છે. ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ-૧૦ની પરિક્ષના અંતે પણ જિલ્લાની ૨૪ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી પણ નીચે આવતા શિક્ષણ વિભાગે ચિંતા સાથે ચિંતન કરવાની ફરજ પડી છે. જેના અંતે ગત શનિવારે શિક્ષણતંત્ર દ્વારા વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પરિણામ સુધારણા માટે જરૂરી પગલા લેવા આયોજન કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર



શહેરની સળગતી સમસ્યા - શહેરના સીક્સલેન માર્ગો પર આજકાલ રખડતા ઢોરનો પ્રશ્ન તંત્ર માટે અને વાહનચાલકો માટે શીરદર્દ બન્યો છે... માર્ગોની બંને બાજુ ઉગેલા ઘાસચારાને કારણે મસીનો ઉપદ્રવ વધતા ઢોર માર્ગો પર જ ઉભા રહે છે... ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેટલી સંખ્યામાં ઢોર માર્ગો પર આવી જતા સમસ્યા ઘેરી બની જાય છે... વાહન ચાલકોની ગતિમાં અવરોધ આવે છે, અવ્યવસ્થા સર્જાય છે... અને ક્યારેક અકસ્માતનો ભય પણ ઉભો થાય છે... વર્ષોવર્ષ ઉભી થતી આ સમસ્યા માટે કોઈ ઉકેલ શોધી શકાતો નથી... અને હાલાકી પ્રતિવર્ષ વધતી જાય છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ચ-૦થી હાંસોલ સર્વિસ રોડને ફોરલેન બનાવવા સપ્ટેમ્બરમાં કામ શરૂ થશે

## માર્ગ વાઈડનિંગ પાછળ રૂ ૮૮ કરોડનો ખર્ચ થશે : ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ

ગાંધીનગર તા ૧૨

ચ-૦ થી હાંસોલ માર્ગ પર સર્વિસ રોડને ફોરલેન બનાવવાનુ કામ આગામી સપ્ટેમ્બર મહિનામાં શરૂ કરી દેવાશે. સર્વિસ રોડ બનાવવા માટે રૂપિયા ૮૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેકટ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવાઈ છે. ટુંકમાં ટેન્ડર મંજુરીના અંતે કામ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડાર બનાવવાના મહત્વકાંક્ષી પ્રાજેકટના પ્રાથમિક તબક્કે ચ-૦ થી હાંસોલ માર્ગના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનુ કામ હાથ ધરવામાં આવશે. જો કે કોરીડોર બનાવવાની કાર્યયોજના ખુબ જ ખર્ચાળ હોવાથી હજુ આ મામલે ઘણો સમય લાગે તેમ છે. જેના પ્રાથમિક ચરણમાં વિભાગ દ્વારા ચ-૦ થી હાંસોલ માર્ગના સર્વિસ રોડને ફોરલેન બનાવવાની કાર્યયોજનાનુ કામ હાથ ધરવા આખરી આયોજન કરી દેવાયુ છે. આ કામગીરી અન્વયે રૂપિયા ૮૮ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવનાર છે. અગાઉ આ કામગીરીને લઈ તંત્ર દ્વારા યોગ્ય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સર્વિસ રોડ બનાવવા સંદર્ભે નિર્ણય લેવાયો હતો. જયારે આ રૂટમાં આવતા બ્રીજની ડીઝાઈનમાં પણ અંશતઃ ફેરફાર થાય તેવી શકયતા છે. સર્વિસ રોડને ફોરલેન કરવાની કાર્યયોજના અન્વયે વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવાઈ છે. જયારે ટુંકમાં ટેન્ટરને મંજુરી આપી દેવાયા બાદ આગામી મહિનાથી કામ પણ શરૂ કરી દેવાશે. ગાંધીનગરથી અમદાવાદ તરફ જતા માર્ગને સર્વિસ રોડને ફોરલેન બનાવવાની કાર્યયોજના આખરી થતા આ રૂટમાં ટ્રાફિકને લગતી સમસ્યા પણ હળવી થશે. જયારે માર્ગ સલામતીને લગતી સમસ્યાઓનો પણ અંત આવશે. આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ નાગરિકોની અવરજવર સરળ બનશે.


## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી અને પ્રેરણામુર્તિશ્રી ગોસ્વામી અમૃતપુરી મહાદેવપુરી (Dy.SO શિક્ષણ વિભાગ) નું તા. ૧૧-૮-૨૦૧૫ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન/કૈલાશવાસી થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરૂ. સદ્દગતનું બેસણું તા. ૧૩-૮-૨૦૧૫ ને ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૨-૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : ૧૬૭૬/૧, સે-૨/ડી, ગાંધીનગર. મો. ૯૯૨૪૮૨૩૭૦૫

લિ.

ગં.સ્વ. જયાબેન અમૃતપુરી

મેહુલપુરી અમૃતપુરી ગોસ્વામી    રવિપુરી અમૃતપુરી ગોસ્વામી


# નવા સચિવાલય ગેટ નં. ૧માંથી રીવોલ્વર સાથે જતા બે ઝડપાયા

## સલામતી વ્યવસ્થા ચકાસવા એસ.ઓ.જી.એ ગોઠવેલી ડીકોય સફળ રહી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સ્થિત નવા સચિવાલયના ગેટ નં. ૧ પરથી રીવોલ્વર લઈને ચાલતો નીકળેલો એક વ્યક્તિ અને કારમાં રીવોલ્વર સાથે અંદર પ્રવેશી રહેલો એક વ્યક્તિ એમ બે વ્યક્તિઓ પકડાઈ ગયા હતા. જો કે ત્યારબાદ બહાર આવ્યુ કે સુરક્ષા અને સલામતિ વ્યવસ્થાની ચકાસણી કરવા માટે એસ.ઓ.જી. દ્વારા જ ડીકોય ગોઠવવામાં આવી હતી. જેમાં પોલીસ સફળ રહી હતી.

સચિવાલયની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અર્થે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવની સુચનાથી એસઓજીની ટીમે આજે ચારેક વાગ્યાના અરસામાં ડીકોય ગોઠવી હતી. એક ખાનગી ગાડીમાં રિવોલ્વર મુકીને ચાલકને ગેટ નં. ૧ માંથી મોકલવામાં આવ્યો હતો અને એક વ્યક્તિને ચાલતા રિવોલ્વર સાથે મોકલવામાં આવ્યો હતો. ગેટ નં. ૧ પર તૈનાત પોલીસે બંને વ્યક્તિઓને રિવોલ્વર સાથે પકડી પાડ્યા હતા. એસઓજીએ મોકલેલા બંને ડમી વ્યક્તિઓને પકડી પોલીસે સુરક્ષા વ્યવસ્થા મજબુત હોવાનો સુર પુરાવ્યો હતો. એસઓજીએ ગોઠવેલી ડીકોય સફળ રહી હતી.

# ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનપદે જેઠાભાઈ પટેલની પુનઃ વરણી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન પદે સાબર ડેરીના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ સતત બીજીવાર સર્વાનુમતે ચૂંટાયા છે.



સાબરકાંઠાના અગ્રણી ખેડૂત અને પશુપાલક પરિવારના વડા જેઠાભાઈ પટેલની વરણી થતાં રાજ્યના સહકારી જગતમાં ખુશીનું મોજુ પ્રસર્યુ છે. ઈડર પાસેના નાનકડા ગામમાં રહેતા જેઠાભાઈ સાદગીપૂર્ણ જીવન જીવે છે. ઉપરાંત સ્પષ્ટ વક્તા હોવાના કારણે બહોળો શુભેચ્છક વર્ગ ધરાવે છે.


ધો. ૧૦-૧૧-૧૨ (સાયન્સ)
(ગુજરાતી - અંગ્રેજી માધ્યમ)
શું આપના બાળકને ૮૫ કે તેથી વધુ ટકાની જરૂરિયાત છે ?.... તો
આ રહ્યો વિકલ્પ
- ઘરે બેઠા ટ્યુશન મેળવો (દરેક વિષય) (૨૪ કલાક).
- ઘરે બેઠા રીવીઝન કરો (૨૪ કલાક)
- ઘરે બેઠા ઓનલાઈન પરીક્ષા આપો (૨૪ કલાક)
- ઘરે બેઠા રીઝલ્ય મેળવો
- ઘરે બેઠા પેપર તપાસી ભૂલો શોધો.
- ઘરે બેઠા સમય, પૈસા અને પેટ્રોલ બચાવો.
(આને કહેવાય ભાર વગરનું ભણતર)
આજે જ કોલ કરો : 97145 18200



પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા
સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

સત્યગુરૂ ઈતના દીજીએ જ્યાં મેરા કુટુંબ સમાય
મેં ભલા ભુખા રહુ મેરા સંત ભુખ્યા ન જાય.

આપના દિવ્ય ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવના અને આપના અવિરત પરિશ્રમ દ્વારા અમોને મળેલ સફળતા, શ્રેય, આપે આદરેલા અને સતત જીવનભર ચલાવેલા કર્મયજ્ઞની ફળશ્રુતિ છે. અમે આપના અત્યંત ઋણી છૂએ.
જગતનિયંતા પરમાત્મા આપના પુણ્યશાળી આત્માને ચીરદાયી શાંતિ અર્પે એ જ અભ્યર્થના
આપના અત્માને કોટિ કોટિ વંદન...

લિ.
નારણભાઈ બી. ચુડાસમા
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)






૧૫ ઓગસ્ટથી શુભારંભ
સ્પેશિયલ નવરાત્રી બેચ
ફક્ત બાળકો અને બહેનો માટે
દોઢીયું • પોપટીયું
કચ્છી • કાઠિયાવાડી તથા
રાસ-ગરબાની
અવનવી સ્ટાઈલ
શીખો...
ગરબાની વિવિધ સ્ટાઈલની
વિધિવત તાલીમ ઉપરાંત
પનઘટના અનેક સ્ટેજ શોમાં
સામેલ થવાની તક પણ...
ભાવિન પટેલ : 98790 57556 | સમય : સાંજે ૫ થી રાત્રે ૭
પનઘટ
શ્રી અરવિંદ કેન્દ્ર, સ્વામીનારાયણ મંદીર પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર.






શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com